## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



આજે ગુરુ પૂર્ણિમાનાં દિવસે બધા ભક્તો મને વિશ્વ ભ્રમણની ટીકીટ કરાવી દો... હું દરેક દેશમાં જઈ ત્યાંનાં ગુરુ સાથે મિત્રતા કરી, તમારું હિત શામાં છે તે ચર્ચા કરી આવું.

# હવે, અમીત શાહ ૧૧મીએ જ આવશે

### ગાંધીનગરમાં ત્રણ કાર્યક્રમો, પેજ પ્રમુખોનુ ંસમેલન, સહકારી આગેવાનોની બેઠક તથા ધારાસભ્યોની બેઠકને સંબોધિત કરશે

ગાંધીનગર, તા. ૮

આગામી ૧૧મીએ ગાંધીનગર ખાતે રાજ્યના ઉત્તર ઝોનના પેજપ્રમુખોનુ અધિવેશન રામકથા મેદાન ખાતે મળશે. પક્ષના રાષ્ટ્રી અધ્યક્ષનો રાજ્યનો પ્રવાસ એક દિવસનો જ રહેશે તેમ પણ પ્રદેશ પ્રમુખ વાઘાણીએ કહ્યું છે.

બપોરે ૩ વાગે મળનાર આ અધિવેશનમાં પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ વિશેષ માર્ગદર્શન આપશે તેમ પક્ષના પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ આજે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ.

તેઓ ૧૧મીએ ગાંધીનગર ટાઉનહોલમાં સહકારી આગેવાનોની બેઠકને સંબોધિત કરશે. આ અંગેની સમગ્ર જવાબદારી સહકારી અગ્રણી અને રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરી સંભાળી રહ્યાનું પણ વાઘાણીએ જણાવ્યુ હતુ.

સાંજે તેઓ પક્ષના ધારાસભ્યો, સાંસદો અને કોર ગ્રૃપના આગેવાનોની સ્વર્ણીમ સંકુલમાં યોજાયેલ બેઠકમાં પણ હાજરી આપનાર છે.

પ્રદેશ પ્રમુખ વાઘાણીએ પહેલાં ૯-૧૦-૧૧ના રોજના રાષ્ટ્રીય અધ્યક્ષના વિવિધ કાર્યક્રમોની જાણકારી આપી હતી પરંતુ ચાલુ પત્રકાર પરિષદમાં જ તેમના ૯ અને ૧૦ના કાર્યક્રમો રદ કરવામાં આવ્યા હોવાની જાહેરાત કરાઈ હતી. દિલ્હીમાં અગત્યના કામો હોવાથી તેમનો પ્રવાસ કાર્યક્રમ ટુંકાવવામાં આવ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું.

### કોંગ્રેસની સ્થિતિ દયનીય છે : વાઘાણી : પેજપ્રમુખોનુ સંમેલન મહેસાણા યોજવાની કોઈ વાત હતી જ નહિ

પત્રકારોના પ્રશ્નોના ઉત્તરમાં વાઘાણીએ જણાવ્યું હતું કે મહેસાણામાં ઉત્તર ગુજરાતના પેજપ્રમુખો યોજવાનું આયોજન હતુ જ નહિ. ગાંધીનગરમાં આ સંમેલન યોજવાનુ અમે પહેલેથી જ વિચાર્યુ હતુ. સ્થળમાં કોઈ ફેરફાર કરાયો નથી.

જીએસટીના મુદ્દે સુરતમાં ચાલી રહેલ આંદોલન અંગે પુછાયેલા એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ હતુ કે દિવ્ય ભારતની કલ્પના સાથે અમલમાં લવાયેલ આ કાયદાના અમલનો પ્રારંભિક તબક્કો છે ક્યાંક પ્રશ્નો હશે પણ સંવાદથી તે ઉકેલી શકાય છે. સંવાદ એ શ્રેષ્ઠ માધ્યમ છે. તેમના પક્ષના આગેવાનો આ વેપારીઓને મળ્યા હોવાનો પણ તેમણે સ્વીકાર કર્યો હતો.

કોંગ્રેસને આડે હાથ લેતાં વાઘાણીએ જણાવ્યુ હતુ કે તેની પાસે ચૂંટણીનુ કોઈ આયોજન નથી. પ્રભારીની હાજરીમાં કારોબારીની બેઠક બોલાવવી પડે છે આનાથી વધુ દયનીય સ્થિતિ તેમણે જોઈ નથી.

# શહેરના જુના સેકટરોમાં પાણીની લાઇન બદલવા માટે ૯ કરોડનો ખર્ચ કરાશે

ગાંધીનગર તા ૮

ગાંધીનગર શહેરમાં જુના સેકટરોમાં પાણીની સમસ્યા હલ કરવા માટે પાઈપલાઈન અપગ્રેડ કરવા માટે રૂ ૯ કરોડનો ખર્ચ કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં સે-૨૧ અને ૨૨ માં પાઈપલાઈનનુ કામ હાથ ધરાશે. આ માટે રૂ ૨ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે તબક્કવાર અન્ય સેકટરોમાં પણ પાઈપલાઈનને અપગ્રેડ કરાશે. જુના સેકટરોમાં પાણીની પાઈપલાઈન અપગ્રેડ કરાયા બાદ પાણીનો ફોર્સ વધશે.

### સે-૨૧ અને ૨૨માં પાઇપલાઇન બદલવાનુ કામ ટૂંકમાં શરૂ કરાશે : તબક્કાવાર અન્ય સેકટરોને પણ આવરી લેવાશે

શહેરના જુના અને નવા સેકટરોમાં હાલ પાણી ફોર્સથી ન આવતા સેકટરવાસીઓ પરેશાન છે. નવા અને જુના સેકટરોમાં પાણી સપ્લાય કરવાની વ્યવસ્થા પણ અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે. સરીતા અને ચરેડી વોટર વર્કસમાં જુની મશીનરીના લીધે વારંવાર ટેકનિકલ ખામી ઉદભવી હોવાનુ ધ્યાને આવ્યુ છે.

બીજીતરફ સેકટરોમાં પાણી સપ્લાય કરતી પાઈપલાઈન પણ જુની થઈ ગઈ છે. જેના લીધે પાણીની સમસ્યા જટીલ બની છે. શહેના જુના સેકટરોમા પાઈપલાઈન અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે. ત્યારે તંત્ર દ્વારા નવી પાઈપલાઈન નાંખવાનુ આયોજન કરી દેવાયુ છે.

સરકારે સેકટરોમાં જરૂર મુજબ પાઈપલાઈન બદલવા માટે રૂ ૯ કરોડના ખર્ચને મંજુરી આપી છે. જયારે આ માટે કામગીરી હાથ ધરવા માટે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરી દેવામાં આવી છે પ્રથમ તબક્કામાં સે-૨૧ અને ૨૨માં પાઈપલાઈન અપગ્રેડ કરવાનુ કામ હાથ ધરાશે. જયારે અન્ય જરૂરી સેકટરોમાં પણ કામ પુર્ણ કરવામાં આવશે. ટેન્ડર પ્રક્રીયાના અંતે એજન્સી પણ નિયત કરી દેવાઈ છે. જયારે પાઈપલાઈન બદલવાનુ કામ પણ ટુંકમાં શરૂ કરી દેવાશે. જેના અંતે જુના સેકટરોમાં પાણીનો ફોર્સ પણ વધશે તેમ મનાઈ રહયુ છે. જુના સેકટરોમા અન્ય ઠેકાણે પણ પાઈપલાઈન બદલવાનુ કામ હાથ ધરાશે. તબક્કાવાર હાથ ધરનારી આ કામગીરી અન્વયે અંદાજિત રૂ ૯ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

પરંતુ જુના સેકટરોમાં પાણીની પોકાર ડામવા માટે ચરેડી વોટર વર્કસની મશીનરી પણ બદલવાની અનિવાર્યતા છે. ચાર દાયકા જુની મશીનરીના લીધે વારંવાર ટેકનિકલ ક્ષતિ ઉદભવતા પાણીની સમસ્યા સર્જાય છે. આવા સંજોગોમાં આ દિશામાં પણ તંત્ર દ્વારા જરૂરી આયોજન કરવા માટે વિચારણા હાથ ધરવામાં આવી છે.

## શહેરની વેક્ટર કંટ્રોલ ટીમમાં વધુ ૫૦ કર્મચારીઓની ખાસ ભરતી કરાઈ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરના ૫૦ હજારથી વધુ મકાનોમાં મેલેરિયા અંગે ૧૦મીથી એક સપ્તાહ માટે ખાસ સર્વેલન્સ હાથ ધરવામાં આવશે તેમજ શહેરમાં વેક્ટર કંટ્રોલ એક્ટીવીટી સઘન બનાવવા માટે ૫૦થી વધુ કર્મચારીઓની ખાસ ભરતી આ ચોમાસાની ઋતુ માટે કરવામાં આવી છે. શહેરી મેલેરિયાતંત્રના સૂત્રોના જણાવ્યા પ્રમાણે શહેરમાં મેલેરિયાના ઉત્પત્તિ કેન્દ્રો શોધી અને ત્યાં એન્ટી લારવેલની કામગીરી કરી મચ્છરોની ઉત્પત્તિને અટકાવવામાં આવશે.

તંત્રએ આ માટે સાત ઝોનમાં વહેંચી અને સર્વેલન્સની આખી વ્યુહરચના તૈયાર કરી છે. શહેરમાં આવેલી વિવિધ સરકારી કચેરીઓમાં આ માટે ખાસ નોડલ અધિકારીઓની નિયુક્તી કરવામાં આવી છે. આ ઉપરાંત શાળાઓમાં પણ બાળકોને મચ્છરોના પોરા બતાવી અને પોરા અંગેની સમજ આપી મેલેરિયા નિયંત્રણ કેવી રીતે કરી શકાય તે માટે ખાસ બાલ મિત્રો નીમવામાં આવશે.

શહેરમાં સર્વેલન્સના આ બીજા તબક્કામાં કન્ટ્રક્શન સાઈટો પર ખાસ તપાસ કરવામાં આવશે તેમજ સઘન સર્વેલન્સ ઉપરાંત જ્યાં જ્યાં પાણી ભરાઈ રહે છે ત્યાં ઓઈલ છંટકાવ સહિતની એન્ટી લારવેલ કામગીરી કરવામાં આવશે.

# ધી સચિવાલય ન્યુ ક્રેડીટ સોસાયટીના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૮

ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો. ઓપરેટીવ ન્યુ ક્રેડિટ સોસાયટી લી. ગાંધીનગરના બોર્ડ ઓફ ડિરેકટર્સની તાજેતરમાં મળેલી બેઠકમાં વર્ષ ૨૦૧૭-૧૮ના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે.



તાજેતરમાં સોસાયટીની સામાન્ય સભા મળ્યા બાદ નવા ચૂંટાઈ આવેલા ડિરેકટરો સાથેની આ પ્રથમ બેઠક મળી હતી. ૧૫૦૦થી વધુ સભાસદો ધરાવતી સરકારી કર્મચારીઓની આ સહકારી સંસ્થાને ગુજરાત રાજય સહકારી સંઘે શ્રેષ્ઠ સહકારી સંસ્થાનો એવોર્ડ આપી સન્માનિત કરાઈ છે. બોર્ડ ઓફ ડિરેકટર્સની બેઠકમાં સંસ્થાના પ્રમુખ તરીકે શ્રી હર્ષદસિંહ જે. વાઘેલા, ઉપપ્રમુખ તરીકે શ્રી ઉમેશકુમાર પી. વસાવા, માનદ મંત્રી તરીકે શ્રી નંદુભાઈ કે. પટેલ, સહમંત્રી તરીકે શ્રી જયંતિલાલ બી. સાધુ, લોન સમિતિના ચેરમેન તરીકે શ્રી વત્સલ આર. વોરા અને ખરીદ સમિતિના ચેરમેન તરીકે શ્રી જયેશકુમાર એસ. જોષીની વરણી કરવામાં આવી છે.



### આશાવર્કર-આંગણવાડી કાર્યકરોની ધારાસભ્યને રજૂઆત

ગાંધીનગરના પંચદેવ મંદિરે આશા વર્કર તથા આંગણવાડીની બહેનોની વિવિધ પડતર પ્રશ્નોના સંદર્ભે એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વેતન વધારો, વર્ગ-૪માં કાયમી કરવા અંગે, મુસાફરી અને મોંઘવારી ભથ્થુ આપવા બાબતે, મેટરનિટી લીવનો લાભ આપવા, કામના કલાકો નક્કી કરવા તથા કોન્ટ્રાકટ પધ્ધતિથી રોજમદાર મુજબ કામ કરાવવાના બદલે કાયમી કરી સાતમા પગાર પંચનો લાભ આપવા સહિતની માંગો અંગે ચર્ચા વિચારણા કરાઈ હતી. આ સાથે તેમણે ત્યાં આવી પહોંચેલા ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય અશોકભાઈ પટેલ સમક્ષ તેમની હૈયાવરાળ ઠાલવી પ્રશ્નોની રજૂઆત કરી હતી.

# વાહકજન્ય રોગચાળાના કેસો શોધવા ૧૦ થી ૧૫ જૂન દરમ્યાન હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ

ગાંધીનગર, તા. ૮

આગામી ૧૦મી જૂનથી ૧૫મી જૂન દરમ્યાન મેલેરિયા અને વાહકજન્ય રોગચાળાને લઈ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સનો બીજો રાઉન્ડ શરૂ થઈ રહ્યો છે. આ અંગેનું સંપૂર્ણ આયોજન તૈયાર થઈ ચુક્યુ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

આ સર્વેલન્સમાં જિલ્લાની ૧૩.૫૦ લાખ વસ્તી અને ૨.૫૦ લાખથી વધુ ઘરોનુંસર્વેકરવામાંઆવશે. જેમાં તાવના દર્દીઓ શોધવા ઉપરાંત તેમના લોહીના નમૂના મેળવી મેલેરિયા છે કે કેમ તેની ચકાસણી કરવામાં આવશે. આ સર્વેમાં મેલેરિયાના લારવા પણ શોધી કાઢી ત્યાં એન્ટી લારવેલની કામગીરી હાથ ધરવામાં આવશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ અગાઉ પ્રિ.મોન્સુન આવુ સર્વેલન્સ કરવામાં આવ્યુંહતું. હવે જિલ્લામાં ચોમાસુ બેસી ગયુ છે અને સારો વરસાદ પણ થયો છે. ત્યારે મેલેરિયાના મચ્છરોની ઉત્પત્તિ માટેનું સાનુકૂળ વાતાવરણ હોવાથી તંત્ર દ્વારા વધુ સક્રિયતાથી આ સર્વેલન્સ કરવામાં આવનાર છે.

જિલ્લામાં આ બીજા રાઉન્ડના સર્વેલન્સમાં ૧૩૦૦થી વધુ કર્મચારીઓ જોડાઈ રહ્યા છે. આ સર્વેલન્સનું જિલ્લા કક્ષાએથી મોનીટરીંગ કરવામાં આવશે તેમજ રાજ્યકક્ષાએ રોજેરોજનું રિપોર્ટીંગ પણ કરવામાં આવનાર છે.

જુલાઈ માસ એ ડેન્ગ્યુ વિરોધી માસ હોવાથી પણ આ સર્વેલન્સનું ઘણુ મહત્વ મનાઈ રહ્યું છે. રાજ્ય સરકારે ગત વર્ષે પણ આવુ સર્વેલન્સ કરાવ્યુ હતુ અને તેના સારા પરિણામો મળ્યા હતા. જિલ્લામાં મેલેરિયાના કેસોની સંખ્યામાં ઘટાડો નોંધાયો હતો જે ઉલ્લેખનીય છે.

રાજ્ય સરકારે ૨૦૨૨ સુધીમાં મેલેરિયા નિર્મૂલનનો લક્ષ્યાંક રાખ્યો છે ત્યારે આ સર્વેલન્સ, તે કામગીરીમાં વધુ પૂરક બની રહેશે તેમ મનાઈ રહ્યું છે.

ટચૂકડી જાહેર ખબર

**નામ બદલેલ છે**

મારું જુનું નામ સુથાર અમરતભાઈ કચરાભાઈ હતું જે હવેથી બદલીને મેવાડા અમૃતલાલ કચરાભાઈ રાખેલ છે.

લી.

**મેવાડા અમૃતલાલ કચરાભાઈ**
પ્લોટ નં. ૬૪૩, સે.૬/બી,
ગાંધીનગર

**જગ્યા ભાડે આપવાની છે**

કોર્પોરેટ / કોમર્શિયલ ઓફિસ
કુલ ૬ ફ્લોર,
કુલ ૨૪૦૦૦ સ્કવેર ફુટ
સેક્ટર-૧૧, ગાંધીનગર
મો. ૯૯૯૮૪ ૧૬૮૫૩
મો. ૯૭૨૫૮ ૪૬૨૪૨

## પિલવાઈ કોલેજ ખાતે નેશનલ સાયન્સ ટેકનોફેરનું આયોજન

**ઈસરો દ્વારા સેટેલાઈટના વિવિધ મોડેલ્સ નિહાળવાનો અલભ્ય લ્હાવો : રાષ્ટ્રીય કક્ષાના વૈજ્ઞાનિકો, અધ્યાપકો તથા ૧૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ ઉમટશે**

ગાંધીનગર, તા. ૮

વિજાપુર તાલુકાના પિલવાઈ ખાતે આગામી તા. ૧૫ અને ૧૬ જુલાઈ દરમિયાન બે દિવસીય 'નેશનલ સાયન્સ ટેકનો ફેર'નું આયોજન કરવામાં આવ્યું છે. રાજયકક્ષાના આ સાયન્સ ફેરમાં ભારતની પ્રતિષ્ઠિત અવકાશ સંશોધન સંસ્થા ઈસરો ઉપરાંત રાજયની ૧૫ જેટલી કોલેજીસના વિદ્યાર્થીઓ દ્વારા 'ડૉ. જે.ડી. તલાટી વિજ્ઞાન પ્રદર્શન' યોજવામાં આવશે જેને નિહાળવું વિજ્ઞાનના જીજ્ઞાસુઓ માટે લ્હાવો બની રહેશે. વિજ્ઞાન પ્રદર્શનનો સમય પહેલા દિવસે ૯ થી ૫ અને બીજા દિવસે ૯ થી ૨ કલાકનો રહેશે.

ડૉ. જે.ડી. તલાટી વિજ્ઞાન પ્રદર્શનમાં રાષ્ટ્રીય કક્ષાના નામાંકિત વૈજ્ઞાનિકો, વિધ્વાન અધ્યાપકો તથા મેથ્સ અને સાયન્સના વિવિધ પ્રોજેકટસ સાથે વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે. બે દિવસ ચાલનાર વિજ્ઞાન પ્રદર્શનમાં સાયન્સ મોડેલ્સ મેકિંગ, સાયન્સ મોડેલ પ્રેઝન્ટેશન, ટેકનો ડિબેટ, ટેકનો ટૉક-શૉ, કવીઝ વગેરે કાર્યક્રમો હાથ ધરાશે. આ પ્રસંગે ઈસરો પ્રદર્શનના મુલાકાતીઓ માટે યાદગાર સંભારણું બની રહેશે. પ્રદર્શનમાં આશરે ૧૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ મુલાકાત લે તેવી શકયતા જણાઈ રહી છે.

# સોમવારે કોંગ્રેસ રિ-સર્વે અને ખેડૂતોના દેવા માફી અંગે આવેદનપત્ર આપશે

ગાંધીનગર, તા. ૮

કેન્દ્રની નિષ્ફળ ભાજપ સરકાર દ્વારા લાદવામાં આવેલી નોટબંધી અને કાળી રાત્રે કાળો કાયદો-જીએસટીમાં અટવાયેલી ભારતની પ્રજાની હાલાકી ઓછી થઈ નથી ત્યાં ગુજરાતની પાણી વગરની રૂપાણી સરકારે જગતના તાત ખેડૂતોની મુશ્કેલીઓમાં ઓર વધારો કર્યો છે. એક તરફ ગુજરાતના ખેડૂતોના પ્રશ્ને વિવિધ સંગઠનોએ આંદોલનનો માર્ગ અખત્યાર કર્યો છે. લોકો રોડ ઉપર આવીને સરકાર વિરોધી દેખાવો કરી રહ્યા છે. સમગ્ર રાજ્યની પ્રજા માનસમાં આક્રોશ વધી રહયો છે. ખેડૂતોના દેવા નાબુદી અને જમીનોની સેટેલાઈટ દ્વારા થયેલી માપણી રદ કરવાની માંગ સાથે આગામી તારીખ ૧૦-૭-૧૭ના રોજ દેખાવો કરીને જિલ્લા કલેક્ટરોને આવેદનપત્ર આપવાનો રાજય વ્યાપી કાર્યક્રમ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા આપવામાં આવ્યો છે. જેના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા તારીખ ૧૦-૭-૧૭ના રોજ સોમવારે બપોરે ૧ કલાકે જિલ્લા પંચાયત ખાતે દહેગામ, કલોલ, માણસા અને ગાંધીનગર તાલુકાના કોંગ્રેસ કાર્યકરો-આગેવાનો જિલ્લાના ખેડૂતો સાથે મોટી સંખ્યામાં રેલી સ્વરૂપે કલેક્ટર ગાંધીનગરને દેવા માફી અને રિ-સર્વે કામગીરી રદ કરવાની માંગ કરતું આવેદનપત્ર સુપ્રત કરશે.

## રેકર્ડ મેનેજમેન્ટ તાલીમ સંપન્ન

રાજય સરકારની વિવિધ કચેરીઓમાં રેકર્ડ અંગેની તાલીમ આપવામાં આવતી હોય છે. જેના ભાગરૂપે તાજેતરમાં એક દિવસની રેકર્ડ મેનેજમેન્ટની તાલીમ ડૉ. જીવરાજ મહેતા ભવનમાં આવેલ 'ગેમી' સંસ્થામાં યોજાઈ હતી. આ તાલીમમાં ૩૦ કરતા વધારે અધિકારીઓ હાજર રહ્યા હતા. પ્રારંભમાં સ્વાગત પ્રવચન વહીવટી અધિકારી મંજૂરભાઈ સૈયદ દ્વારા કરવામાં આવ્યું હતું. જયારે ગુજરાત રાજય અભિલેખાગાર ખાતુ-ગાંધીનગરના નિવૃત્ત અધિક્ષક જીતેન્દ્ર વી. શાહ અને નિવૃત્ત કચેરી અધિક્ષક ડી.જી. રાઠોડ દ્વારા રેકર્ડનું વર્ગીકરણ, ઉપયોગીતા નાશની પ્રક્રિયા, રેકર્ડ રૂમની લઘુત્તમ જરૂરીયાતો, રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ, રેકર્ડ સુરક્ષાના વિવિધ ઉપાયો વિશે વિગતવાર સમજુતી આપવામાં આવી હતી.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in